## દમણથી વડોદરા કારમાં દારૂ સાથે બે વિદેશી નાગરિક ઝડપાયા

**મોંઘીદાટ** કાર સાથે પોલીસે 17.19 લાખની મતા કબજે કરી




વાપી: વલસાડ જિલ્લા લોકલ ક્રાઈમ બ્રાંચની ટીમે પારડી ઉદવાડા નેશનલ હાઈવે નંબર ૪૮ પરથી એક લક્ઝુરિયસ કારમાંથી મોટી માત્રામાં વિદેશી દારૂના જથ્થા સાથે બે વિદેશી નાગરિકને ઝડપી પાડ્યા છે.

LCB પોલીસે મળેલી ચોક્કસ બાતમીના આધારે પારડી ઉદવાડા નેશનલ હાઈવે ૪૮ ના ઓવરબ્રિજ ઉતરતા છેડે, મુંબઈથી સુરત તરફ જતાં રોડની બાજુમાં વોચ ગોઠવી હતી. જ્યાં પસાર થતી સફેદ કલરની હુન્ડાઈ અલ્કાઝર કારને અટકાવી તપાસ કરતા તેમાંથી ભારતીય બનાવટના વિદેશી દારૂ અને બિયરની કુલ ૮૦૨ બાટલી તથા ટીન મળી આવ્યા હતા, જેની કિંમત રૂપિયા ૧,૭૯,૩૨૦ થાય છે. પોલીસ તપાસમાં પકડાયેલા બંને આરોપીઓ વિદેશી નાગરિકો હોવાનું અને વડોદરાની પારુલ યુનિવર્સિટીના હોસ્ટેલમાં રહેતા હોવાનું સામે આવ્યું છે. પકડાયેલા આરોપીઓમાં વિક્ટર ઉર્ફે તફારા લોવમોર મયામ્બો (હાલ રહે.., પારુલ યુનિવર્સિટી, ૨૦૮ બોઈઝ હોસ્ટેલ, વડોદરા, મૂળ રહે., ઝિંબામ્બે) અને સીઝાબુલીસીલે એંઝલ ઉર્ફે માઈલેસ રોય ડલામીની (હાલ રહે., પારુલ યુનિવર્સિટી, મેરી ક્યુરી હોસ્ટેલ, B-૨૦૪, વડોદરા, મૂળ રહે., કિંગડમ ઓફ ઇસ્વાતીની)નો સમાવેશ થાય છે. આ બંને આરોપીઓ દમણથી વડોદરા તરફ દારૂનો આ જથ્થો કારમાં લઈ જઈ રહ્યા હતા. પોલીસે રૂપિયા ૧૫,૦૦,૦૦૦ ની કિંમતની કાર સહિત કુલ રૂપિયા ૧૭,૧૯,૩૨૦ નો મુદ્દામાલ કબજે કર્યો છે.

## ગૌરી આશ્રમશાળામાં રાતોરાત ફિલ્ટર પાણીની વ્યવસ્થા કરાઈ

**ટેન્કરના** પાણી ક્લોરિનેશન બાદ જ વપરાશમાં લેવા સૂચના



ખેરગામ: ખેરગામના ગૌરી ગામની આશ્રમશાળામાં બાળકોને ફૂડ પોઈઝનિંગની અસર થતાં ૨૦ જેટલા શંકાસ્પદ કેસો સામે આવ્યાં હતાં. બાળકોના સ્વાસ્થ્યની સુરક્ષાને સર્વોચ્ચ અગ્રતા આપીને મદદનીશ કમિશનર (શિક્ષણ/આયોજન અને મોનિટરિંગ) તથા તેમની વિશેષ ટીમ રાતોરાત ઘટના સ્થળે દોડી ગઈ હતી. તેમની સાથે ખેરગામના મામલતદાર, તાલુકા હેલ્થ ઓફિસર અને તેમની ટીમ, પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર (PHC)-તોરણવેરાના મેડિકલ ઓફિસર અને ટીમ તેમજ સ્થાનિક તલાટી કમ મંત્રી (ગૌરી) પણ રાત્રે જ સ્થળ પર હાજર થઈ ગયા હતાં.

આરોગ્ય વિભાગના જણાવ્યા અનુસાર, ફૂડ પોઈઝનિંગમાં આશ્રમશાળાની સ્થિતિ સંપૂર્ણપણે સામાન્ય અને સ્થિર ન થઈ, ત્યાં સુધી તમામ જવાબદાર અધિકારીઓ અને મેડિકલ સ્ટાફે રાઉન્ડ-ધ-ક્લોક (૨૪ કલાક) સ્થળ પર હાજર રહીને મોનિટરિંગ કર્યું હતું. ગૌરી આશ્રમશાળામાં વપરાશમાં લેવાતા ટેન્કરના પાણી તેમજ બોરવેલના પાણીના નમૂના મેળવીને તાત્કાલિક લેબોરેટરી ટેસ્ટિંગ માટે મોકલી આપવામાં આવ્યા છે. આશ્રમશાળામાં તાત્કાલિક વૈકલ્પિક શુદ્ધ પીવાના પાણીની સુવિધા ઊભી કરવા તલાટી અને ડેપ્યુટી સરપંચને જરૂરી સૂચનાઓ આપવામાં આવી છે. જેના ભાગરૂપે રાતોરાત જ શુદ્ધ ફિલ્ટર પાણીની બોટલો પહોંચાડવામાં આવી છે. ભવિષ્યમાં જ્યારે પણ આશ્રમશાળામાં ટેન્કર દ્વારા પાણી પૂરું પાડવામાં આવે, ત્યારે પાણીનું ક્લોરિનેશન કર્યા બાદ જ તેનો વપરાશમાં લેવા માટે કડક સૂચના આપવામાં આવી છે. ઉચ્ચ અધિકારીઓ અને મેડિકલ ઓફિસરોએ આશ્રમશાળાના આચાર્ય સાથે બેઠક યોજીને અસરગ્રસ્ત વિદ્યાર્થીઓની સ્થિતિ પર સતત દેખરેખ રાખવા અને ભવિષ્યમાં આવા કેસો ન બને તેની તકેદારી રાખવા જણાવ્યું છે.

## પિતાને પૈસા આપવાના બહાને વકીલ મહિલાના રૂ.27 હજાર પડાવી લીધા

**ગૂગલપેથી** ભૂલમાં 3 હજારને બદલે 30 થઈ ગયા હોવાનું કહી ગઠિયાએ ટ્રાન્સફર કરાવી લીધા

વાપી: વાપીમાં વકીલાતનો વ્યવસાય કરતી એક મહિલા વકીલ સાયબર ઠગોની જાળમાં ફસાઈ હોવાનો કિસ્સો પ્રકાશમાં આવ્યો છે. પિતાને પૈસા ચૂકવવાના બહાને અજાણ્યા ઠગે મહિલાને વાતોમાં ભોળવી, બેંક ખાતામાં ખોટા રૂપિયા જમા થયાના મેસેજ મોકલી રૂ. ૨૭,૦૦૦ની ઓનલાઈન છેતરપિંડી આચરી હતી.

વાપીના હિરલ પાર્ક સ્થિત હિરલ નયન એપાર્ટમેન્ટમાં રહેતા અને વાપી કોર્ટમાં વકીલાત કરતા વિદ્યાબેન રાજુભાઈ બોનગીરી (ઉ.વ.૩૫) પર ગત ૨૬ મે ના રોજ એક અજાણ્યા નંબર પરથી ફોન આવ્યો હતો. ફોન કરનારે હિન્દીમાં વાતચીત કરી જણાવ્યું કે, 'તમારા પિતા રાજુભાઈને રૂ. ૧૩,૦૦૦ આપવાના છે અને તમારા ભાઈએ આ રકમ તમારા ખાતામાં ટ્રાન્સફર કરવાનું કહ્યું છે.' ઠગે ગુગલ પે આઈડી માંગી વિશ્વાસ જીતવા માટે પહેલાં રૂ. ૧ મોકલ્યો હતો, જે જમા થતાં મહિલાને ભરોસો બેઠો હતો. ત્યારબાદ તે ઈસમે રૂ.૧૦,૦૦૦ મોકલ્યાનો મેસેજ કર્યો અને બાકીના રૂ.૩,૦૦૦ મોકલતી વખતે ચાલાકીપૂર્વક રૂ.૩૦,૦૦૦ ક્રેડિટ થયાનો નકલી ટેક્સ્ટ મેસેજ મોકલી આપ્યો હતો. મેસેજ મોકલ્યા બાદ ઠગે ગભરાયેલા અવાજે ફોન પર કહ્યું કે, 'મારાથી ભૂલથી ૩ હજારને બદલે ૩૦ હજાર મોકલાઈ ગયા છે, જેથી બાકીના રૂ. ૨૭,૦૦૦ મને પરત મોકલી આપો.' મહિલા વકીલે તેની વાતોમાં આવીને સાચી રકમ ચેક કર્યા વિના જ જુદા જુદા ટ્રાન્ઝેક્શન દ્વારા રૂ. ૨૭,૦૦૦ ગુગલ પે થી સાયબર ઠગે આપેલા નંબરમાં મોકલી આપ્યા હતા.

લાલચુ ઠગે ફરીથી રૂ. ૨૦,૦૦૦ ભૂલથી ટ્રાન્સફર થયાનું કહી વધુ પૈસા પડાવવાનો પ્રયાસ કર્યો હતો. જોકે, આ વખતે કોઈ મેસેજ ન આવતાં અને ગુગલ પે રીફ્રેશ કરવા છતાં માત્ર નકલી મેસેજ દેખાતા વકીલ બહેનને તાત્કાલિક પોતાનું બેંક બેલેન્સ ચેક કરતા ખાતામાં કોઈ રકમ જમા થઈ ન હોવાનું માલૂમ પડ્યું હતું. આ અંગે વિદ્યાબેને સૌપ્રથમ સાયબર ક્રાઈમ હેલ્પલાઈન પર જાણ કર્યા બાદ વાપી ટાઉન પોલીસ મથકમાં અજાણ્યા ઠગ વિરુદ્ધ રૂ. ૨૭ હજારની છેતરપિંડીની ફરિયાદ નોંધાવી છે.

## સંક્ષિપ્ત સમાચાર

### ઉમરગામ UIA પ્રમુખે હોસ્પિટલ પ્રોજેક્ટ અંગેનાં કામોની સમીક્ષા કરી



ઉમેશ સોલંકી

ઉમરગામ: ઉમરગામ યુઆઇએ પ્રમુખ અશોકભાઈ ગુપ્તાએ પત્રકારોને જણાવ્યું હતું કે, ઉમરગામ યુઆઇએ હોસ્પિટલ નિર્માણનું કામ પૂરજોશમાં ચાલી રહ્યું છે. વધુમાં બાકી કામો ઝડપથી પૂરા કરવા બાબતે એજન્સીઓ સાથે મીટિંગ કરી હતી જેમાં ફાયર પાણી લાઈટ એસી વિગેરે બાબતે ચર્ચા થઈ હતી અને બે વીકમાં જે કંઈ કામો કે ફેરફારો હશે તે નક્કી કરવાની વાત કરી હતી. વધુમાં આ હોસ્પિટલના સંચાલન માટે હાલમાં 6 જણાની કમિટી બનાવવામાં આવી છે, જેમાં ત્રણ દાતાઓ તથા હોદ્દાની રુએ ઉમરગામ યુઆઇએના પ્રમુખ, સેક્રેટરી અને ખજાનચીનો સમાવેશ કરવામાં આવ્યો છે. તેમને હોસ્પિટલ માટે દાતાઓને ઉદાર હાથે દાન કરવા અપીલ કરી હતી.

### સાપુતારામાં ફોટા વાયરલ કરનાર આરોપી પકડાયો



સાપુતારા: છેલ્લા એક મહિનાથી વણઉકેલાયેલા સાયબર ક્રાઇમના એક ગુનાનો ભેદ ઉકેલીને સાપુતારા પોલીસે આરોપીને ઝડપી પાડ્યો છે. ભોગ બનનાર વ્યક્તિના ફોટા ઇન્સ્ટાગ્રામ પર વાયરલ કરીને સાયબર ગુનો આચરવામાં આવ્યો હતો. આ ગુનામાં સંડોવાયેલા આરોપી વિજયભાઈ મુકુંદભાઈ પવાર (ઉં.વ.૨૬, રહે., પીપલપાડા (ગલકુંડ), તા.આહવા, જિ.ડાંગ)ને ઝડપી પાડી તેની સામે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

### પારડીમાં આગામી મોહરમ પર્વને લઈ શાંતિ સમિતિની બેઠક યોજાઈ



અમૃત પટેલ

પારડી: પારડી નગરપાલિકાના સભાખંડમાં આગામી મહોરમ તાજિયા પર્વની ઉજવણીના ભાગરૂપે શાંતિ સમિતિની બેઠક યોજવામાં આવી હતી. જેમાં હિન્દુ-મુસ્લિમ સમાજના અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા અને શાંતિમય રીતે મહોરમ પર્વની ઉજવણી કરવા વિવિધ ચર્ચાઓ થઈ હતી. પારડી પોલીસ મથકના પી.આઈ. ગોહિલના અધ્યક્ષ સ્થાને પારડી નગરપાલિકાના પ્રમુખ ચેતન નાયકા, કારોબારી અધ્યક્ષ ચેતન ભંડારી, બાંધકામ અધ્યક્ષ પ્રણવ દેસાઈ, ટાઉન પ્લાનિંગ અધ્યક્ષ શિરીષ પટેલ વગેરે સભ્યો, મુસ્લિમ સમાજના અગ્રણી અનવર મણિયાર, ફેઝલ મલેક વગેરે હિન્દુ- મુસ્લિમ સમાજના અગ્રણીઓની ઉપસ્થિતિમાં શાંતિ સમિતિની સભા શરૂ કરવામાં આવી હતી.

### ગણદેવીના દેવસરના વિજયભાઈ મિસ્ત્રી સવા વર્ષથી ઘરેથી ચાલ્યા ગયા છે



બીલીમોરા: ગણદેવી તાલુકાના દેવસર ગામે રહેતા વિજયકુમાર કાંતિલાલ મિસ્ત્રી (ઉં.વ.૪૪) તા:૦૫/૦૨/૨૦૨૫ના રોજ કોઈને કહ્યા વગર પોતાના ઘરેથી ક્યાંક ચાલ્યા ગયા છે, જે આજે ૧૬ મહિના વીતી જવા પછી પણ આજદિન સુધી પરત આવ્યા નથી. તેઓ અકસ્માતમાં પોતાના બંને પગ ગુમાવી ચૂક્યા હોવાથી કૃત્રિમ પગ પહેરે છે. જો કોઈને આ વ્યક્તિ બાબતે કોઈ પણ પ્રકારની જાણકારી મળે, તો તાત્કાલિક બીલીમોરા પોલીસ સ્ટેશન અથવા નજીકના પોલીસ મથકનો સંપર્ક કરવા માટે જણાવવામાં આવ્યું છે.

## ઉમરગામમાં રિક્ષા ભાડામાં વધારો, વ્યાજબી ભાવ માટે કલેક્ટરને રજૂઆત

ઉમરગામ: ઉમરગામમાં રિક્ષા ભાડામાં થયેલા વધારા અંગે જિલ્લા કલેક્ટર રજૂઆત કરવામાં આવી છે. ઉમરગામ ઈન્ડસ્ટ્રીઝ એસોસિએશને કલેક્ટરને હસ્તક્ષેપ કરવા રજૂઆત કરી ઓટોરિક્ષા ભાડાનો સર્વ સ્વીકાર્ય દર નક્કી કરવા માંગણી કરી છે. રજૂઆતમાં જણાવ્યું છે કે, ઉમરગામ વિસ્તારમાં ઓટોરિક્ષા ચાલકો દ્વારા થોડા સમયથી ભાડામાં અતિશય વધારો કરવામાં આવ્યો છે. પેટ્રોલ ડીઝલ અને સીએનજીના ભાવમાં ચારથી પાંચ રૂપિયાનો વધારો થયો હોવા છતાં ઓટોરિક્ષાના ભાડામાં સીધો બમણો વધારો કરવામાં આવ્યો છે. ઉમરગામ જીઆઈડીસી વિસ્તારની કંપનીમાં હજારો શ્રમિકો કર્મચારીઓ સ્ટાફ રોજિંદા આવવા જવા માટે ઓટોરિક્ષા પર નિર્ભર છે. ભાડામાં થયેલા આ વધારાના કારણે આર્થિક મુશ્કેલીઓનો સામનો કરવો પડી રહ્યો છે.

## પાર્કિંગ સમસ્યાને લઈ નાની દમણના સિટી સેન્ટરની દુકાનો પાલિકાએ બંધ કરાવી

**વારંવાર** ટ્રાફિકની સર્જાતી સમસ્યાને કારણે પાલિકાની કાર્યવાહી, બિલ્ડરના પાપે વેપારીઓ, દુકાનદારો મુશ્કેલીમાં



દમણ: નાની દમણ બસ સ્ટેન્ડ સામે આવેલા સિટી સેન્ટર કોમ્પ્લેક્સમાં પાર્કિંગની ગંભીર સમસ્યાને લઈને દમણ નગરપાલિકાએ મંગળવારે મોડી સાંજે કડક કાર્યવાહી હાથ ધરી હતી. ગ્રાહકો દ્વારા રસ્તા પર આડેધડ વાહનો પાર્ક કરવામાં આવતા વિસ્તારમાં વારંવાર ટ્રાફિક જામની સ્થિતિ સર્જાતી હોવાના કારણે પાલિકાએ કોમ્પ્લેક્સની દુકાનો બંધ કરવાનો આદેશ આપતા વેપારીઓમાં ભારે ચિંતા ફેલાઈ છે.

મળતી માહિતી અનુસાર, સિટી સેન્ટર બિલ્ડિંગમાં પાર્કિંગની પૂરતી વ્યવસ્થા ન હોવાના કારણે દુકાનોમાં આવતા ગ્રાહકો પોતાના વાહનો મુખ્ય માર્ગ પર જ આડેધડ પાર્ક કરતાં હતા. પરિણામે બસ સ્ટેન્ડ અને આસપાસના વિસ્તારમાં ટ્રાફિક જામની સ્થિતિ સર્જાવા પામતી હતી. આ મુદ્દે નગરપાલિકાએ આશરે એક મહિના અગાઉ પણ દુકાનદારોને નોટિસ ફટકારી હતી. તેમ છતાં સ્થિતિમાં કોઈ ખાસ સુધારો ન આવતા પાલિકાએ અંતે દુકાનો બંધ કરવાનો આદેશ જારી કરી મંગળવારની મોડી સાંજથી સિટી સેન્ટરની દુકાનો બંધ કરવાવાનું શરૂ કર્યું હતું. આ પ્રમાણે દુકાનો બંધ કરવાની ફરજ પડતા વેપારીઓને આર્થિક નુકસાન સહન કરવાનો વારો આવ્યો છે. આ દરમિયાન દુકાનદારોનું એક પ્રતિનિધિમંડળ નગરપાલિકાના ચીફ ઓફિસરને મળવા તેમના કાર્યાલયે પહોંચ્યો હતો, પરંતુ મુલાકાત ન થઈ શકતા તેઓ નિરાશા સાથે પરત ફર્યા હતા. જો કે, બુધવારે સતત બીજા દિવસે પણ દુકાનો બંધ રહેતા વેપારીઓમાં મુંઝવણ અને અનિશ્ચિતતાનો માહોલ જોવા મળ્યો હતો. શહેરના મધ્યમાં સીટી સેન્ટર જેવી વિશાળ ઈમારતનું નિર્માણ કરતી વખતે જે તે વખતે બિલ્ડર દ્વારા પાર્કિંગની જોઈતી પૂરતી સુવિધા ઉભી ન કરી શકવાના કારણે આજે દુકાનદારો અને ગ્રાહકો બંનેને મુશ્કેલીનો સામનો કરવો પડી રહ્યો છે.

## ટુકવાડા ગામે વાઘ નદી મેજર બ્રિજ 15 ઓક્ટોબર સુધી વાહનો માટે બંધ

વલસાડ: વલસાડ જિલ્લા કાર્યપાલક ઈજનેર પંચાયત માર્ગ મકાન વિભાગ દ્વારા કપરાડા તાલુકાના સુલિયા જોઈનીંગ ટીટુમાળ દિધી રોડ પર આવેલા વાઘ નદી પર આવેલા મેજર બ્રિજમાં નુકસાની જણાતા આ બ્રિજ રિપેરિંગની કામગીરી માટે તેમજ કોઈ અકસ્માત ન સર્જાય તે હેતુથી બ્રિજ પરથી વાહનવ્યવહાર સંપૂર્ણ બંધ કરી ડાયવર્ઝન આપવા દરખાસ્ત કરવામાં આવી હતી. તકેદારીના ભાગરૂપે વાઘ નદી પર આવેલા બ્રિજ ઉપર વાહન-વ્યવહાર બંધ કરી ડાયવર્ઝન આપવામાં આવ્યું હતું. આ અંગે મહિપાલસિંહ ચુડાસમા, અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, વલસાડ દ્વારા 15 ઓક્ટોબર 2026 સુધીના સમયગાળા માટે આ માર્ગ (બ્રિજ)નો વાહનવ્યવહાર બંધ કરાયો છે. તેના પરથી પસાર થતાં ટ્રાફિકને ડાયવર્ટ કરવા માટે વૈકલ્પિક માર્ગ જાહેર કરાયો છે. હવે વાઘ નદીના બ્રીજથી ટુકવાડા- ઉમરપાડા- ઘાડવી- બીલધરી- ગુનસા- વાડી- ધાણવેરી- અસલકાટી બ્રિજના રસ્તે આવન-જાવન કરી શકશે.

## ઉમરગામમાં પાલિકાએ કોંગ્રેસના કોર્પોરેટરો ખાલી માટલાં લઈ પહોંચ્યા

**પાણી**, સફાઈ, ગટર, અને રોડની સમસ્યાઓ તાકીદે ઉકેલવા માંગ



ઉમેશ સોલંકી

ઉમરગામ: ઉમરગામ શહેરની સમસ્યા અંગે કોંગ્રેસના કોર્પોરેટરો પાલિકા કચેરીએ ખાલી માટલા લઈને પહોંચી ગયા હતા અને પાણી, સફાઈ, ગટર અને રોડની સમસ્યા અંગે રજૂઆત કરી હતી.

ઉમરગામ નગરપાલિકા કચેરી ખાતે પહોંચેલા કોંગ્રેસી નગરપાલિકાના સભ્યોએ પ્રમુખને શહેરની સમસ્યા વોર્ડ નંબર 3, 6 અને 7 બાબતે બાબતે લેખિતમાં રજૂઆત કરી સમસ્યાના નિરાકરણની માંગણી કરી હતી. પાલિકા તરફથી પાણી ફિલ્ટર આપવાની વાત હતી પરંતુ પાણી સાદું અને ડોહળું આવે છે. ક્યારેક સવારે 8:00 વાગે તો ક્યારેક 11:00 વાગે આવે છે. સાંજના સમયના પણ કોઈ ઠેકાણાં નથી. સફાઈના નામે લાખોના ખર્ચા પાડવામાં આવે છે તેમ છતાં કચરાના ઢગલા જોવા મળે છે. ડોર ટુ ડોર કચરો સમયસર લેતાં નથી. ઘણી જગ્યાએ ગટરોની ચેમ્બરો તૂટી ગયેલી છે. ગંદુ પાણી બહાર આવી રહ્યું છે, ઢાકણના પણ ઠેકાણાં નથી, નવા રોડોમાં પણ ગાબડા પડી ગયા છે, ઘણી જગ્યાએ રોડ ખરાબ થઈ ગયો છે. સરકાર ગ્રાન્ટ બરોબર ફાળવે છે પરંતુ તેનો સદુપયોગ થતો નથી આ સમગ્ર બાબતે યોગ્ય ધ્યાન આપવામાં આવે અને સમસ્યાનું નિરાકરણ લાવવામાં એવી માંગણી છે.

## વલસાડ સ્ટેશને વેઈટિંગ રૂમમાં ચોરો શિકારની રાહમાં

**મોબાઈલ** ચોરી કરી ભાગતો એક ઝડપાયો, ચાલુ ટ્રેનમાંથી ૧ લાખના આઇફોનની ચોરી

વલસાડ: વલસાડ રેલવે પોલીસ મથકે મોબાઈલ ચોરીના બે અલગ-અલગ બનાવો નોંધાયા છે, જેમાં એક કિસ્સામાં પોલીસે ત્વરિત કાર્યવાહી કરીને મુસાફરનો ફોન ચોરી ભાગતા શખ્સને દબોચી લીધો હતો, જ્યારે ચાલુ ટ્રેનમાં ભીડનો લાભ ઉઠાવી અજાણ્યો ચોર કેરીના વેપારીનો રૂ. ૧ લાખની કિંમતનો આઈફોન સેરવી લીધો હતો.

પ્રથમ ઘટનામાં, વલસાડમાં મજૂરી કરતા અને મૂળ બિહારના વિશ્વજીતકુમાર સિંગ વતન જવા માટે રેલવે સ્ટેશનના પ્લેટફોર્મ નંબર ૧ પર આવેલા જનરલ વેઈટિંગ રૂમમાં ઊંઘી રહ્યા હતા. આ તકનો લાભ લઈ પિંન્ટુકુમાર છોટેલાલ કુસ્વાહા (રહે., મધ્ય પ્રદેશ, હાલ વલસાડ) નામના શખ્સે તેમના ખિસ્સામાંથી રૂ.૮,૦૦૦નો મોબાઈલ સરાવી લીધો હતો. જોકે, વિશ્વજીતકુમાર જાગી જતાં તેમણે બૂમાબૂમ કરી હતી, જેથી પ્લેટફોર્મ પર હાજર રેલવે પોલીસ અને આર.પી.એફ.ના સ્ટાફે ભાગતા ચોરને રંગેહાથ દબોચી લીધો હતો.

બીજા બનાવમાં, વલસાડના મોગરાવાડીના કેરીના વેપારી રામગોપાલ શુક્લા ૧૬ જૂન ૨૦૨૬ના રોજ સુરત જવા માટે પ્લેટફોર્મ નંબર ૨ પરથી સૌરાષ્ટ્ર એક્સપ્રેસ ટ્રેનના જનરલ કોચમાં ચઢ્યા હતા. ટ્રેનમાં ભારે ભીડ હોવાથી તેઓ ઊભા રહીને મુસાફરી કરી રહ્યા હતા. ટ્રેન બીલીમોરા સ્ટેશને પહોંચતા રામગોપાલભાઈએ તપાસ કરતાં તેમના શર્ટના ખિસ્સામાંથી રૂ.૧,૦૦,૦૦૦ની કિંમતનો આઈફોન ૧૪ પ્રો મેક્સ ગાયબ જણાયો હતો. ભીડનો લાભ ઉઠાવી કોઈ અજાણ્યો ખિસ્સાકાતરૂ ફોન ચોરી નાસી ગયો હોવાની ફરિયાદ તેમણે વલસાડ રેલવે પોલીસ મથકે નોંધાવી છે.

## સરીગામ કેનાલમાંથી ભરૂચના ટ્રક ડ્રાઈવરની લાશ મળી

ઉમરગામ: સરીગામ જીઆઈડીસીમાંથી પસાર થતી કેનાલમાંથી એક ટ્રક ડ્રાઈવરની પાણીમાં ડૂબેલી હાલતમાં લાશ મળતા ચકચાર મચી ગઈ હતી.

સરીગામ જીઆઈડીસી હેડંબા કંપની નજીક આવેલા કેનાલમાંથી એક 50 વર્ષની ઉંમરના શખ્સની લાશ પાણીમાં ડૂબેલી હાલતમાં મળતા તેની જાણ થતાં સરીગામ પોલીસ ઘટના સ્થળે દોડી ગઈ હતી અને તપાસ હાથ ધરતા ખબર પડી હતી કે મરણ જનારનું નામ મહોમદ મુનીર અન્સારી છે, તે મૂળ કલકત્તાનો છે અને ભરૂચથી ટ્રાન્સપોર્ટમાંથી ટ્રકમાં માલ ભરીને સરીગામ સંધ્યા ઓર્ગેનિક કંપનીમાં આવ્યો હતો. પાણીમાં નાહવા જતાં ડૂબી ગયાની આશંકા છે. લાશને કેનાલમાંથી બહાર કાઢી પીએમ માટે ભીલાડ સરકારી હોસ્પિટલના પીએમ રૂમમાં મોકલવામાં આવી હતી. પીએમ રિપોર્ટ બાદ મોતનું સાચું કારણ બહાર આવશે.




May the Scared Heart of Jesus be Praised, Adored, Glorified and Loved today and everyday throughout the world now and forever. Amen! Ask St. Clare for three favours, two impossible and say nine Hail Mary's and the above prayer for 9 days with a lighted candle and publish on the 9th day. Your request will be granted no matter how impossible it is.



### હીરો હાઉસિંગ ફાઇનાન્સ લિમિટેડ

રજિસ્ટર્ડ ઓફિસ: ૦૯, કોમ્યુનિટી સેન્ટર, બસંત લોક, વસંત વિહાર, નવી દિલ્હી – ૧૧૦૦૫૭
ફોન: ૦૧૧-૪૯૨૬૭૦૦૦ ટોલ ફ્રી નંબર: ૧૮૦૦ ૨૧૨ ૮૮૦૦ ઈ-મેલ: customer.care@herohfl.com
વેબસાઇટ: www.herohousingfinance.com | CIN: U65192DL2016PLC30148
સંપર્ક સરનામું: A-6, ત્રીજો માળ, સેક્ટર-૪, નોઇડા – ૨૦૧૩૦૧.

#### ડિમાન્ડ નોટિસ

(સિક્યોરિટાઇઝેશન એન્ડ રિકન્સ્ટ્રક્શન ઓફ ફાઇનાન્શિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઑફ સિક્યોરિટી ઇન્ટરેસ્ટ એક્ટ, ૨૦૦૨ ની કલમ ૧૩(૨) હેઠળ) સિક્યોરિટાઇઝેશન એન્ડ રિકન્સ્ટ્રક્શન ઑફ ફાઇનાન્શિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઑફ સિક્યોરિટી ઇન્ટરેસ્ટ એક્ટ, ૨૦૦૨ ("એક્ટ") ની કલમ ૧૩(૨) તથા સિક્યોરિટી ઇન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ, ૨૦૦૨ ("રૂલ્સ") ના રૂલ ૩ ની જોગવાઈ હેઠળ ડિમાન્ડ નોટિસ.

આથી નીચે સહી કરનાર, હીરો હાઉસિંગ ફાઇનાન્સ લિમિટેડ (HHFL) ના અધિકૃત અધિકારી તરીકે, ઉપરોક્ત એક્ટ હેઠળ તથા એક્ટની કલમ 13(12) અને રૂલ્સના રૂલ 3 દ્વારા પ્રદાન કરવામાં આવેલી સત્તાઓનો ઉપયોગ કરીને, નીચે દર્શાવેલી તારીખે એક્ટની કલમ 13(2) હેઠળ વિગતવાર માંગણી નોટિસો (Demand Notices) જારી કરી ચૂક્યા છે. તે નોટિસો દ્વારા નીચે દર્શાવેલ ઉધાર લેનાર(ઓ)/સહ-ઉધાર લેનાર(ઓ)/ગેરેન્ટર(ઓ) (વ્યક્તિગત રીતે અથવા સંયુક્ત રીતે "બાધ્યકર્તા" તરીકે ઓળખાતા)/કાનૂની વારસદાર(ઓ)/કાનૂની પ્રતિનિધિ(ઓ) ને સંબંધિત માંગણી નોટિસમાં દર્શાવેલી રકમ, સંબંધિત નોટિસની તારીખથી 60 દિવસની અંદર ચૂકવવા માટે કહેવામાં આવ્યું હતું. ઉપરોક્ત નોટિસોની નકલો રજિસ્ટર્ડ પોસ્ટ A.D. દ્વારા મોકલવામાં આવી છે અને તેની નકલો હસ્તાક્ષર કરનાર અધિકારી પાસે ઉપલબ્ધ છે. સંબંધિત બાધ્યકર્તા(ઓ)/કાનૂની વારસદાર(ઓ)/કાનૂની પ્રતિનિધિ(ઓ), જો ઇચ્છે, તો સામાન્ય કાર્યકારી દિવસોમાં ઓફિસ સમય દરમિયાન હસ્તાક્ષર કરનાર પાસેથી તેની નકલ મેળવી શકે છે.

ઉપરોક્ત બાબતના અનુસંધાનમાં, સંબંધિત બાધ્યકર્તા(ઓ)/કાનૂની વારસદાર(ઓ)/કાનૂની પ્રતિનિધિ(ઓ) ને ફરીથી આ નોટિસ દ્વારા જાણ કરવામાં આવે છે કે તેઓએ સંબંધિત નોટિસની તારીખથી 60 દિવસની અંદર, નીચે તેમના નામ સામે દર્શાવેલી બાકી રકમ તથા નીચે કોલમ (d) માં દર્શાવેલી તારીખથી ચુકવણી અને/અથવા વસૂલાતની તારીખ સુધી લાગુ પડતા વધારાના વ્યાજ સાથે, તેમજ તેમની દ્વારા કરવામાં આવેલા લોન કરાર અને અન્ય સંબંધિત દસ્તાવેજો/લેખિત કરારો મુજબની તમામ રકમ HHFL ને ચૂકવવાની રહેશે.

લોનની યોગ્ય ચુકવણીની સુરક્ષા તરીકે, નીચે દર્શાવેલ સુરક્ષિત સંપત્તિ(ઓ) (Secured Asset/s) સંબંધિત બાધ્યકર્તા(ઓ) દ્વારા HHFL ના પક્ષમાં ગીર્વે રાખવામાં આવી છે.

| લોન એકાઉન્ટ નંબર | દેવાદાર(ઓ) / કાનૂની વારસદાર(ઓ) / કાનૂની પ્રતિનિધિ(ઓ)નું નામ | નીચે દર્શાવેલી તારીખ મુજબ કુલ બાકી રકમ (રૂ.) | ડિમાન્ડ નોટિસની તારીખ / NPA ની તારીખ |
|---|---|---|---|
| HHFNVSLAP23000035954 & HHFNVSHOU23000035910 | બાલુભાઈ રામારાવ પાટીલ, સુનિતા બાલાસાહેબ સુલંખે | રૂ. 10,03,258/- (11-06-2026 ના રોજ બાકી) | 15-06-2026 / 04-06-2026 |

**સુરક્ષિત સંપત્તિ / સ્થાવર મિલકત / ગીરો મૂકવામાં આવેલી મિલકતનું વર્ણન:** નામો રેસિડન્સી યોજનામાં આવેલ ફ્લેટ નં. 401, જેનો બાંધકામ વિસ્તાર અંદાજે 50.28 ચો.મી. (541.00 ચો.ફૂટ) તથા સુપર બિલ્ટ-અપ વિસ્તાર અંદાજે 73.42 ચો.મી. (790.00 ચો.ફૂટ) છે, વોર્ડ નં. 12, હાઉસ નં. 1267/37, ચોથા માળે આવેલ છે. આ ફ્લેટ સાથે જમીનમાં અવિભાજિત હિસ્સો પણ સંકળાયેલ છે. આ યોજના પ્લોટ નં. 66, 67 અને 68 પર સ્થિત છે, જેનો કુલ વિસ્તાર અંદાજે 1013.64 ચો.મી. છે અને જે જમીન રેવન્યુ સર્વે નં. 109/2/પૈકી 2 પૈકીનો ભાગ બને છે. આ મિલકત મોજે વિજલપોર, તાલુકો જલાલપોર, જિલ્લા નવસારી, ગુજરાત રાજ્યના નોંધણી જિલ્લા અને ઉપજિલ્લામાં આવેલી છે. મિલકત સાથે ટાઇટલ દસ્તાવેજમાં દર્શાવેલ તમામ સામાન્ય સુવિધાઓ પણ સામેલ છે. મિલકતની ચારે બાજુની સીમાઓ: ઉત્તર તરફ: ફ્લેટ નં. 402 દક્ષિણ તરફ: સાઈ બંગલોઝનો કોમન પ્લોટ પૂર્વ તરફ: લિફ્ટ અને કોમન પેસેજ પશ્ચિમ તરફ: આંતરિક માર્ગ

ઉપરોક્ત રકમ પર માંગણી નોટિસમાં દર્શાવેલી તારીખથી લાગુ પડતા દર મુજબનું વ્યાજ, વધારાનું વ્યાજ તેમજ ચુકવણી અથવા વસૂલાતની તારીખ સુધી થયેલા આનુષંગિક ખર્ચ, ચાર્જિસ અને અન્ય ખર્ચાઓ પણ ચૂકવવાના રહેશે. જો ઉપરોક્ત દેવાદાર(ઓ)/કાનૂની વારસદાર(ઓ)/કાનૂની પ્રતિનિધિ(ઓ) દ્વારા હોમ ફર્સ્ટ ફાઇનાન્સ કંપની ઇન્ડિયા લિમિટેડ (HHFL) ને ઉપરોક્ત મુજબની ચુકવણી કરવામાં નિષ્ફળતા રહેશે, તો HHFL દ્વારા સિક્યુરિટાઇઝેશન એન્ડ રિકન્સ્ટ્રક્શન ઓફ ફાઇનાન્શિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યુરિટી ઇન્ટરેસ્ટ એક્ટ, 2002 ની કલમ 13(4) તથા તે હેઠળના લાગુ નિયમો મુજબ ઉપરોક્ત સુરક્ષિત સંપત્તિ/સ્થાવર મિલકત સામે કાર્યવાહી કરવામાં આવશે, જેનો તમામ ખર્ચ અને પરિણામોની જવાબદારી દેવાદાર(ઓ)/કાનૂની વારસદાર(ઓ)/કાનૂની પ્રતિનિધિ(ઓ)ની રહેશે. વધુમાં, ઉપરોક્ત કાયદા હેઠળ દેવાદાર(ઓ)/કાનૂની વારસદાર(ઓ)/કાનૂની પ્રતિનિધિ(ઓ)ને HHFLની પૂર્વ લેખિત મંજૂરી વિના ઉપરોક્ત સુરક્ષિત સંપત્તિ/સ્થાવર મિલકતનું વેચાણ, ભાડાપટ્ટે આપવું કે અન્ય કોઈપણ રીતે હસ્તાંતરણ કરવું પ્રતિબંધિત છે. કાયદા અથવા તેના હેઠળ બનાવવામાં આવેલા નિયમોની જોગવાઈઓનો ભંગ કરનાર અથવા ભંગ કરવામાં મદદરૂપ થનાર કોઈપણ વ્યક્તિ કાયદામાં નિર્ધારિત જોગવાઈઓ મુજબ કેદ અને/અથવા દંડને પાત્ર બનશે.

તારીખ: 18.06.2026 સહી/-
સ્થળ: નવસારી અધિકૃત અધિકારી હીરો હાઉસિંગ ફાઇનાન્સ લિમિટેડ



### જાહેર નોટીશ

આથી લાગતા-વળગતા તમામ તથા જાહેર જનતાને હાલની નોટીશ થકી જાણ કરવાની કે, મોજે: ખેરગામ, તા. ગણદેવી, જી. નવસારીના રેવન્યુ ખાતા નં. ૨૪૯ ના બ્લોક નં. ૧૫૦ (જુનો-૪૫) થી નોંધાયેલી કુલ ક્ષેત્રફળ ૧-૬૬-૪૯ ચો.મી. વાળી ખેતીની જમીન તેના મુળ માલીકો (૧) શરદકુમાર ધીરૂભાઈ દેસાઈ, (૨) અરૂણાબેન શરદકુમાર દેસાઈ, (૩) શીવ શરદકુમાર દેસાઈનાઓ પાસે હમારા અસીલે ખરીદ કરવાનું નક્કી કરેલ છે. જેથી મજકુર મિલકતમાં કોઈપણ વ્યક્તિ, સંસ્થા પેઢી, બેંક કે ખાનગી ફાઈનાન્યસરનો મોર્ગેજ હકક, ગીરો હકક કે કોઈનો કોઈપણ પ્રકારનો લાગ-ભાગ, હકક-હીત, હીસ્સો કે, લીયન હકક, સુખાધીકાર, માર્ગાધીકાર કે ભરણ-પોષણ કે સંપાદનનો કે, અન્ય પ્રકારનો હકક હોય તો તેમણે હાલની નોટીશ પ્રસિધ્ધ થયેથી દિન-૭ માં અમોને રૂબરૂ મળીને લેખીતમાં જરૂરી દસ્તાવેજી પુરાવાઓ સહીત પોતાના વાંધાઓ રજુ કરવા અને જો ઉપરની મુદતમાંકોઈપણ પ્રકારના વાંધાઓ આવશે નહીં તો કોઈનો કોઈપણ પ્રકારનો હકક-દાવો કે વાંધો નથી અને જો હોય તો તેમણે તેવા હકક-દાવા કે વાંધાઓ જતા કરેલા છે યાને વેવ કરેલા છે તેવું સમજી અમારા અસીલ મજુકર જમીન અંગેના વેચાણના વ્યવહારો પુર્ણ કરી લેશે અને તે અંગે પાછળથી કોઈની કોઈપણ પ્રકારની તર-તકરાર ચાલશે નહીં. જેની સ્પષ્ટ નોંધ લેશોજી.

હમારા અસીલની સુચના અને ફરમાઈશ અન્વયે,

તા. ૧૭-૦૬-૨૦૨૬ **પીંગળાબહેન યુ. સોની** એડવોકેટ

ઓ.3, ૧ માળ, જલારામ એપાર્ટમેન્ટ, લક્ષ્મીનારાયણ મંદિર સામે, કાલીયાવાડી, નવસારી. મો.: 99040 51030



### : વેચાણ અંગેની જાહેર નોટિસ :

નવસારી ડીસ્ટ્રીકટ સબ-ડીસ્ટ્રીકટ તાલુકા ચીખલી ના મોજે : તલાવચોરા ના ખાતા નં ૧૦૨૨ ની બ્લોક નં. ૧૯૯૩ જેનો સર્વે નં. ૮૨૯/૫ તથા ૮૩૯ થી નોંધાયેલ જમીન કે જેનુ ક્ષેત્રફળ કયારી ૦-૨૯-૩૪ હે.આરે. ચો.મી. તથા પો.ખ. વહેંણ ૦-૦૧-૦૧ હે.આરે.ચોમી. મળી કુલ્લે ક્ષેત્રફળ ૦-૩૦-૩૫ હે.આરે.ચો.મી.અને આકાર રૂા. ૦૮.૬૯ પૈસા વાળી જુની શરતની ખેતીની જમીન વાળી મિલકત ના માલિક પુષ્પાબેન નાથુભાઈ તે જયેશભાઈ નાથુભાઈ ભંડારીની ધણીયાણી નાઓએ સદરહુ મિલકત પોતાની કબજા, ભોગવટા હેઠળની અને સ્વતંત્ર માલિકીની હોવાનું જણાવી હમારા અસીલને વેચાણ આપવા નકકી કરેલ છે. જેથી સદરહુ મિલકત માં કોઈ પણ વ્યકિત, સંસ્થા યા બેંકનો કોઈ પણ જાતનો હકક, હીત, હિસ્સો, લાગભાગ, દરદાવો, ગીરો, લિયન વિગેરે હોય તો આ નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન-૭ માં દસ્તાવેજી પુરાવાઓ સહિત હમારા નીચે જણાવેલા સરનામે લેખિતમાં જાણ કરવી. સદરહુ દિન-૭ ની મુદત વિત્યેથી સદરહુ મિલકતમાં કોઈનો કોઈપણ જાતનો હકક, હીત, હિસ્સો, સંબંધ, દરદાવો નથી અને હોય તો તે જતો યાને વેવ કર્યો છે. તેમ માની આ નોટિસની મુદત વિત્યેથી હમારા અસીલ સદરહુ મિલકતનો રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજ કરાવી લેશે અને ત્યારબાદ કોઈની કોઈપણ પ્રકારની તર-તકરાર ચાલશે નહી જેની લાગતા વળગતા તમામે નોંધ લેવી.

મારી મારફત

**નીરવ રણજીતસિંહ સોલંકી**

ખરીદનાર ના એડવોકેટ

ઓફીસ : 418-19, શિવાંજની હબ, ગુરૂકૃપા સ્કુલ પાસે, મોરાભાગળ, રાંદેર, સુરત. મો.નં. ૯૯૨૫૮૦૩૩૮૭



### જાહેર નોટીસ

આથી લાગતા વળગતા તમામને જણાવવાનું કે ડિસ્ટ્રીકટ નવસારી, સબ ડિસ્ટ્રીકટ ગણદેવી તાલુકાના મોજે, અજરાઈ, તા. ગણદેવી, જી.નવસારી મુકામે આવેલ ખાતા નં. ૬૧૦, જૂનો બ્લોક નં. ૧૯૧, નવો બ્લોક નં.૫૪૩, ક્ષેત્રફળ ૦-૬૬-૨૭, આકાર ૧૫.૩૫ તથા ખાતા નં. ૬૦૯, જેનો બ્લોક નં. ૧૯૨, નવો બ્લોક નં.૫૪૫, ક્ષેત્રફળ ૦-૧૯-૦૫, આકાર ૪.૦૫ વાળી જુની શરતની ખેતીની જમીન ચાલી આવેલ છે. સદરહુ ખેતીની જમીનના મલીક તથા કબજેદાર (૧) મોહંમદ યુનુસ યુસુફ દિનાથ (૨) નુરમોહમદ યુસુફ દિનાથ નાઓની સંપુર્ણ માલીકી, કબજા, ભોગવટા, વહીવટ, વ્યવસ્થા હેઠળ, સંયુક્ત નામે ચાલી આવેલ છે. સદરહું મિલકત ચોખ્ખા ટાઇટલ કલીયર વાળી છે. સદરહું મિલકત હમો વેચાણ આપવા માંગતા હોય, સદરહું મીલકત અંગે કોઇપણ વારસદાર બેંક, વ્યક્તિ, સંસ્થા કે સરકારી એકમને કોઇપણ પ્રકારનો વાંધો, તકરાર, હક્ક, હીસ્સો, હીત, સબંધ, લાગભાગ, કબજા, કરાર, ભરણપોષણ, લિયન યા સાટાખત અંગેના કોઇપણ હક્ક કે અધિકાર હોય તો તેમણે આ નોટીસ પ્રસિધ્ધ થયેલી દિન-૧૫ માં પુરાવા સહિત હમોને લેખિત જાણ કરવી તેમ કરવામાં કસુર થયેથી કોઇપણ વ્યક્તિ બેક, સંસ્થાને તેવો હક, હીત, કે અધિકાર નથી અને હોય તો તે આથી છોડી દેવામાં આવેલ છે. તેમ માનીને સદરહું મિલકતનો પુરેપુરો વેચાણ અવેજ લઇ હમો કાયદેસરનો પાકો વેચાણ દસ્તાવેજ કરી આપીશું ત્યારબાદ કોઈની કોઇપણ જાતની તર તકરાર ચાલશે નહીં. જેની જાહેર જનતાએ નોંધ લેવી.

ઓફીસ:૭/૨૪૩૭, જી-૨, રોનક પેલેસ, રામપુરા, સુરત. મો-૯૭૨૩૫ ૫૬૦૦૭

**અલ્તાફ એ. રંગુની**

એડવોકેટ

(અસીલોની સુચના અને ફરમાઇશથી)